**Economic Times (Guj.)**

**December 15, 2016**
**Page No.2**



# વાઈબ્રન્ટમાં સ્ટાર્ટઅપ્સ-ઈનોવેશન પર ભાર

## રાજય સરકારે 50 પ્રોજેક્ટ્સ માટે સહાય આપવાની શરૂઆત કરી

**ઇટી બ્યુરો**
**અમદાવાદ**

રાજ્ય સરકાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં ઈનોવેશન અને સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપશે જે માટે ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવયું છે. ગુજરાત સ્ટાર્ટઅપ માટે પણ મહત્વનું કેન્દ્ર બને તે દિશામાં સરકાર કામગીરી કરી રહી છે. રાજ્ય સરકાર વધુ યુવાનોને સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમમાં જોડવા તબક્કાવાર નિર્ણયો લઈ રહી છે, જેના ભાગરૂપે હવે વાઈબ્રન્ટ




સમીટમાં ૧૧મી જાન્યુઆરીના રોજ એક્શન સેમિનાર ઓન ઈનોવેશન, સ્ટાર્ટ અપ્સ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ યોજાશે. આ એક્શન સેમિનારમાં પ્રેક્ટિશનર્સ, નિષ્ણાતો, ઉદ્યોગ, ઈન્ક્યુબેટર્સ, ઈનોવેશન સેન્ટર, નાગરિક સમાજના લોકો અને ગુજરાત સરકારના હિતધારકો 'તમારી પોતાની નીતિ બનાવો'ના ઉદ્દેશ સાથે ૧૦૦થી વધારે સહભાગીઓ એકત્ર થશે. આ ગ્રૂપ ચોક્કસ, અભિયાન-કેન્દ્રિત પડકારોના સોલ્યુશન બનાવવા માટે ત્રણ કલાક સઘન ચર્ચા વિચારણા કરસે. આ સેમિનારમાં વિચારોનું દસ્તાવેજીકરણ થશે, જે લોકોને સાચા લાભ આપવા અર્થપૂર્ણ નીતિઓને પરિવર્તિત કરશે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ પી કે તનેજાએ તાજેતરમાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ સમિટ ૨૦૧૬માં સ્ટાર્ટઅપ્સ માટે ગુજરાત સરકારનું વિઝન ડોક્યુમેન્ટ જાહેર કર્યું હતું.

વિઝન ડોક્યુમેન્ટમાં ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ માટે આદર્શ ઈકો-સિસ્ટમ ઊભી કરવા ઉદ્યોગસાહસિકોને મદદરૂપ થાય તેવી નીતિઓ અને માર્ગદર્શિકાઓ સૂચવવામાં આવી છે. રાજ્ય સરકારે ઈનોવેટર્સ અને ઉદ્યોગસાહસિકો માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરવા વિવિધ પગલાં પણ લીધા છે. આ સાથે ગુજરાત સરકારનો ઉદ્દેશ વર્ષ ૨૦૧૭ સુધીમાં ૧૦૦૦ નવા વિચારો અને ૨૦૨૦ સુધીમાં તે ઈનોવેટર્સને સપોર્ટ કરવાનો છે.